આદર્શ નિવાસી શાળા સાગબારા ના મકાન બાંધકામની નવી બાબતને વહીવટી મંજુરી આપવા બાબત..

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : અનશ/૦૦૬/ન.બા.૧૯/ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૩૦ /૦૩/૨૦૦૭

વંચાણે લીધા :-

૧. કમિશનરશ્રી આદિજાતિ વિકાસ, ગાંધીનગરનો તાઃ૩૦/૧૨/૨૦૦૬નો પત્ર ક્રઃ ટીડી/અનશ/૨૦૦૬/૨૯૬૧

ઠ રા વ :-

આદર્શ નિવાસી શાળા સાગબારા ના મકાન બાંધકામની રૂા.૮૫.૩૨લાખની નવી બાબતનો વર્ષ ૨૦૦૭-૦૮ના અંદાજપત્રમાં સમાવેશ થયેલ છે. કમિશનરશ્રી આદિજાતિ વિકાસ ગાંધીનગરએ વંચાણે લીધા ક્રમ-૧ માં નિર્દિષ્ટ તેમના પત્રથી આ નવી બાબતની મંજુરી આપવા દરખાસ્ત કરી છે. ઉકત દરખાસ્ત અન્વયે કાળજી પુર્વકની વિચારણાને અંતે આદર્શ નિવાસી શાળા સાગબારા ના મકાન બાંધકામની રૂા.૮૫.૩૨ લાખની વર્ષ-૨૦૦૭-૦૮ના અંદાજપત્રમાં સમાવિષ્ટ આ નવી બાબતને નીચે મુજબની શરતોને આધીન આ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ યોજના અંગેનું ખર્ચ તાઃ૧/૪/૦૭થી કરવાનું રહેશે.

(૨) સને ૨૦૦૭-૦૮ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૩) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૪) બાંધકામની યોજના માટે વિભાગે તાઃ ૩૧/૩/૨૦૦૭ સુધીમાં નકશા અંદાજો રજુ કરી ને સક્ષમ અધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૫) આ અંગેનો ખર્ચ સરકારશ્રી દ્વારા વખતો વખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૬) આ કામ અંગેની ટેન્ડર પ્રક્રિયા ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/ ૧૦૨૦૦૫/૧૪૦૭/છ, તાઃ ૨૨/૧૧/૦૬માં જણાવ્યા પ્રમાણે ઇ-ટેન્ડરીંગની પધ્ધતિ અનુસાર આખરી કરવાની રહેશે.

(૭) આ કામ ત્રણવર્ષમાં પુરૂ કરવાનું રહેશે.

૨. આ અંગેનો ખર્ચ અંદાજપત્ર માંગણી ક્રમાંકઃ ૯૬, મુખ્ય સદર-૪૨૨૫-અનુસૂચિત જાતિ, જનજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણઃ પેટા યોજના પેટા મુખ્ય સદર-૦૨-અનુસૂચિત જાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ ૭૯૬ આ.વિ.પે.યોજના,બીસીકે-૧૮૦ આ.નિ. શાળાના બાંધકામ હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે તેમજ તે સદરે ઉધારવાનો રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તાઃ૧૯/૦૩/૨૦૦૭ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જયોતિ કે. પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

માન. મંત્રીશ્રી (આ.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
માન.રા.ક. મંત્રીશ્રી (આ.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
સચિવશ્રી, આ.વિ.વિ.ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦-એ. ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલશ્રી , અમદાવાદ/ રાજકોટ,
જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ. નર્મદા/ ગાંધીનગર.
સર્વે તકેદારી અધિકારીશ્રીઓ (આદિજાતિ વિકાસ )
આચાર્યશ્રી આદર્શ નિવાસી શાળા(સાગબારા જિ. નર્મદા)
સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (આદિજાતિ વિકાસ)
નાણા સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
ઉપસચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, તરફ સાગબારા આ.નિ.શાળાના નકશા અંદાજો બનાવી સત્વરે આ વિભાગને મોકલી આપવા વિનંતી.
બજેટ (છ) શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ,
સિલકેટ ફાઇલ.